| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૧/૦૮/૨૦૨૫ | | |
| રજીસ્ટર તારીખ | ૦૧/૦૮/૨૦૨૫ | | |
| નિકાલ તારીખ | ૧૫/૦૭/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૧૧ | ૧૪ |

**રાજકોટના મહે. ત્રીજા એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. રાજકોટ.**

**<u>ફોજદારી રીવીઝન અરજી નં. ૨૪૪/૨૦૨૫</u>**

**આંક–**

**દેવેન્દ્ર સંગમલાલ તીવારી,**
ઉ.વ.–૭૦, ધંધો–વેપાર,
રહે. પદ્માવતી પેલેસ–૨૦૨,
નાગેશ્વર મંદિર રોડ, જામનગર રોડ, રાજકોટ.

**..... અરજદાર**

**–// વિરૂદ્ધ //–**

શ્રી સરકાર

**..... સામાવાળા**

**બાબત: – ફો.ઈન્ક.નં. ૪૨/૨૦૨૫ ના કામે થયેલ હુકમ સામે રીવીઝન અરજી**

---

**અરજદાર તરફે : વિ.વ.શ્રી એ.એલ.પરમાર**
**સામાવાળા તરફે : વિ.પી.પી.શ્રી એસ.કે.વોરા**

---

## -: જજમેન્ટ:-

**(૧)** હાલની રીવીઝન અરજીની સંક્ષિપ્ત હકીકત એવી છે કે, અરજદાર ફોજદારી કેસ નં. ૪૧૪૬/૧૯૯૩ ના મુળ ફરિયાદી છે. સદરહુ કેસ રાજકોટના મહે.૧૧ મા એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રી (એલ.ડી.વાઘ સાહેબ) ની અદાલતમાં તા.૦૬/૦૨/૨૦૨૦ ના રોજ ફેસલ થયેલ છે. સદરહુ કેસમાં અરજદારે હાલના નામ. ૭મા એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રી (આર.આર.મિસ્ત્રી) સાહેબની કોર્ટમાં મુદ્દામાલ મેળવવા માટે તા. ૧૨/૦૨/૨૦૨૫ ના રોજ ફોજદારી ઈન્કવાયરી નં. ૪૨/૨૦૨૫ થી અરજી કરેલી જે અરજી નામ. ટ્રાયલ કોર્ટે તા. ૨૪/૦૬/૨૦૨૫ ના રોજ નામંજૂર કરતો હુકમ કરેલ છે તે હુકમ થી નારાજ થઇ હાલની આ રીવીઝન અરજી દાખલ કરેલ છે.

**(૨)** આ કામે સમાવાળાને નોટીસ કાઢતાં, સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી એસ.કે.વોરા હાજર થયેલા છે, બન્ને પક્ષકારોના વિ.વકીલશ્રીઓ મૌખીક દલીલો સાંભળી તેમજ રાજકોટના વિ. ૧૧મા એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રી નાઓએ નાઓ એ ફોજદારી કેસ નં. ૪૧૪૬/૧૯૯૩ ના કામે આંક-૧૭૮ થી કરેલ હુકમ વંચાણે લીધો તેમજ વિ. ૭મા એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટે ફોજદારી ઈન્ક.નં. ૪૨/૨૦૨૫ ના કામેની અરજી લગત તા. ૨૪/૦૬/૨૦૨૫ ના રોજ કરેલ હુકમની નકલ વંચાણે અને ધ્યાને લીધા.

**(૩)** હાલની રીવીઝન અરજીના નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા કાઢવામાં આવે છે:

**::મુદ્દાઓ::**

૧: શું રાજકોટના વિ. ૭મા એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રી નાઓએ ફોજદારી ઈન્ક. નં. ૪૨/૨૦૨૫ ના કામે તા. ૨૪/૦૬/૨૦૨૫ ના રોજ કરેલ હુકમ સામેની હાલની રીવીઝન અરજી કાયદેસર રીતે ચાલવાપાત્ર છે?

૨: શું અરજદાર સાબિત કરે છે કે, રાજકોટના વિ. ૭મા એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રી નાઓએ ફોજદારી ઈન્ક. નં. ૪૨/૨૦૨૫ ના કામે તા. ૨૪/૦૬/૨૦૨૫ ના રોજ કરેલ હુકમ ખોટો, ભુલ કરેલો, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરુધ્ધનો હોઇ હસ્તક્ષેપને પાત્ર છે?

૩: શું હુકમ?

(૪) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે::

૧: નકારમાં

૨: નકારમાં.

૩: આખરી હુકમ મુજબ.

## // કા ર ણો//

**<u>મુદ્દા નંબર–૧ ની ચર્ચા</u>**

(૫) હાલની અરજીમાં પ્રથમ મુદ્દો કાયદેસર રીતે ચાલવા પાત્ર છે કે કેમ? તે અંગેનો હોવાથી સૌપ્રથમ તેની ચર્ચા કરવી જરૂરી બને છે.

અરજદાર–મુળ આરોપી તરફે હાલની રીવીઝન અરજીમાં મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલી છે કે, અરજદાર ફોજદારી કેસ નં. ૪૧૪૬/૧૯૯૩ ના મુળ ફરિયાદી છે. સદરહુ કેસ રાજકોટના મહે.૧૧ મા એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રી (એલ.ડી.વાઘ સાહેબ) ની અદાલતમાં તા.૦૬/૦૨/૨૦૨૦ ના રોજ ફેસલ થયેલ છે. સદરહુ કેસમાં અરજદારે હાલના નામ. ૭મા એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રી (આર.આર.મિસ્ત્રી) સાહેબની કોર્ટમાં મુદ્દામાલ મેળવવા માટે તા. ૧૨/૦૨/૨૦૨૫ ના રોજ ફોજદારી ઈન્કવાયરી નં. ૪૨/૨૦૨૫ થી અરજી કરેલી જે અરજી નામ. ટ્રાયલ કોર્ટે તા. ૨૪/૦૬/૨૦૨૫ ના રોજ નામંજૂર કરતો હુકમ કરેલ છે તે હુકમ થી નારાજ થઇ હાલની આ રીવીઝન અરજી દાખલ કરેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામમાં અરજદાર મુળ ફરીયાદી છે અને અરજદારે આ કામમાં મુળ આરોપીઓ વિરૂદ્ધ તેમના મકાનમાંથી સોનાના ઘરેણા ચોરી અંગેની ફરીયાદ નોંધાવેલ હતી અને ત્યાર બાદ આ કામના આરોપીઓને પોલીસે

પકડતા તેઓએ આરોપીઓ પાસેથી અરજદારના ઘરમાંથી ચોરી થયેલ સોનાના દાગીના મુદામાલ પાવતીઓથી કબજે કરેલ છે અને આ કામનું ચાર્જશીટ થતા રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૩૦૧/૯૩ થી આઈ.પી.સી. કલમ ૪૫૭, ૩૮૦, ૪૧૧, ૧૧૪ મુજબની ફરીયાદ નોંધાવેલ હતી. જે નામદાર કોર્ટમાં રજુ થતા તેના ફો.કેસ નં. ૪૧૪૬/૧૯૯૩ પડેલ જે નામ. ૧૧ માં એડી. ચીફ જયુડી. મેજી શ્રી એલ. ડી. વાઘ સાહેબ, રાજકોટનાઓ સમક્ષ કેસ ચાલી જતા નામ. કોર્ટે તા.૦૬/૦૨/૨૦૨૦ ના રોજ હુકમ ફરમાવેલ છે જેથી જે સોનાની માલીકી હાલના અરજદારની હોય જેથી ફો. ઈન્ક. નં. ૪૨/૨૫ નામ ટ્રાયલ કોર્ટમાં કરવાની અરજદારને ફરજ પડેલ છે. સદરહુ મુદામાલ પાવતીથી કબજે થયેલ સોનું અરજદારની માલીકીનું હોય તે સોનું અરજદારને પરત કરતો હુકમ ફરમાવવા અરજ કરેલ છે. વધુમાં અરજદાર હાલ મોટી ઉંમરના હોય અને હાલનો મુદામાલ અરજદારની મરણમૂડી સમાન હોય અને અરજદારે તેનો મુદામાલ મેળવવા ૩૦ વર્ષ જેટલો લાંબો સમય રાહ જેવા છતાં તેમનો મુદામાલ પરત મળેલ ન હોય જે સમજવામાં નામ. ટ્રાયલ કોર્ટે ગંભીર ભુલ કરેલ હોય જેથી પણ મુદામાલ સોનું પરત આપવાનો હુકમ ફરમાવવા નમ્ર અરજ કરેલ છે. વધુમાં નામ. કોર્ટે કહે તે શરતોનું પાલન કરવા તૈયાર છે અને અરજદાર આબરૂદાર વ્યકિત હોય સદરહુ મુદામાલ લઈ કયાંય નાસીભાગી જઈએ તેમ ન હોય અરજદારને તેમનો મુદામાલ સોનું પરત આપતો હુકમ ફરમાવવા નમ્ર અરજ કરેલ છે.

અરજદાર તરફે વધુમાં રજુઆત કરેલ છે કે, અરજદારે નામ. ટ્રાયલ કોર્ટમાં ફો.કે.નં. ૪૧૪૬/૯૩ના કામમાં અગાઉ આંક-૪૩ થી મુદામાલ પરત મેળવવાની અરજી કરેલ હતી તેમાં તહોમતદાર નં. ૧ તથા ૨ નાએ મુદામાલ પરત સોંપવા અંગેનો કોઈ વાંધો કે તકરાર ન હતી તહોમતદાર નં. ૩ નાએ માત્ર મુદામાલ પાવતી પૈકી નં. ૩૬૪ આંક-૫ પુરતી તકરાર લીધેલ હતી જેથી નામ. ટ્રાયલ કોર્ટ આંક-૪૩ ના હુકમમાં ઠેરવેલ કે ''હાલના તબક્કે સરકારશ્રી તરફે પુરાવો રજુ થતા કેસ પેન્ડિંગ છે.' તથા ''મુદ્ધામાલ અંગે આ કેસ તમામ પુરાવા લીધા બાદ યોગ્ય નિર્ણય લઈ શકાય તેમ હોય" આમ સદરહુ કેસમાં સંપુર્ણ પરાવા લેવાઈ ગયેલ છે તથા નામ. કોર્ટે

તા.૦૬/૦૨/૨૦૨૦ના રોજ હુકમ ફરમાવેલ છે તે ધ્યાને નહીં લઈ નામ. ટ્રાયલ કોર્ટે ગંભીર ભુલ કરેલી છે. વધુમાં આ કેસમાં તહોમતદાર નં. ૩ પુરાવા દરમ્યાન મરણ થયેલ છે જે અંગેનું પ્રમાણપત્ર આંક–૧૬૦ થી રજુ રાખેલ છે. જે ધ્યાને ન લઈ નામ. કોર્ટે ગંભીર ભુલ કરેલ છે. વધુમાં નામ. ૧૧ માં એડી. ચીફ. જયુડી. મેજી. રાજકોટનાઓએ તા.૦૬/૦૨/૨૦૨૦ થી હુકમ ફરમાવેલ છે આખરી હુકમના પરા નં. ૨ માં જણાવેલ છે કે "હાલના કામે મુદામાલ પાવતી નં. ૩૬૧/૯૩ થી ૩૬૭/૯૩, ૩૭૨/૯૩ તથા ૩૭૩/૯૩ માં દર્શાવેલ મુદામાલ અંગે તપાસ કરનાર અધિકાર દ્વારા તેની માલીકીપણાની ખરાઈ કરી તેના માલીકને પરત સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે. જે મુદામાલની માલીકીપણાની ખરાઈ થઈ શકે તેમ ન હોય તે મુદામાલની યાદી તપાસ કરનાર અમલદાર દ્વારા અત્રેની કોર્ટમાં કરવાની રહેશે અને તે મુદામાલ અંગે અત્રેની કોર્ટ દ્વારા ઈન્કવાયરીનો હુકમ કરવામાં આવશે. ઉપરેકત તમામ કારણો નામ. ટ્રાયલ કોર્ટે ધ્યાનમાં ન લઈ પુરાવાઓનું યોગ્ય અર્થઘટન ન કરી તથા યોગ્ય અભ્યાસ ના કરી હુકમ ફરમાવેલ છે. તે યોગ્ય અને વ્યાજબી ન હોય રદ કરવા તથા હાલની અરજી મંજુર કરવા અરજ છે. વધુમાં ઉપરોકત કામમાં પોલીસે મુદામાલ અલગ–અલગ પાવતીઓથી કરેલ છે તે તમામ મુદામાલના અમો માત્ર એપેલન્ટ માલીક હોય અમો સિવાય આજસુધી કોઈએ સદરહુ કામમાં મુદામાલ મેળવવા કોઈ અરજી કરેલ નથી તેમજ તમામ મુદામાલ અમારા લગ્ન સમયનો કરીયાવર તથા સ્નેહીઓની ગીફટની ચીજવસ્તુઓ હોય તેમજ નાની મોટી ચીજ–વસ્તુઓ છે તેથી લાંબો સમય થયેલ હોવાથી ને બીલ ન મળી આવતા હોય ઉપરોકત તમામ મુદામાલ એપેલેન્ટનો હોય તેની ખાત્રી આપે છે. ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર/મુળ ફરિયાદીએ નામદાર ટ્રાયલ કોર્ટમાં ફોજદારી કેસ નં. ૪૧૪૬/૧૯૯૩ ના કામમાં કરેલ ફો.ઈન્કવાયરી નં.૪૨/૨૦૨૫ ના કામમાં રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૩૦૧/૧૯૯૩ થી મુદ્દામાલ પાવતી ઓ મુજબ કબજે કરેલ મુદ્દામાલ પરત મેળવવાની અરજી કરેલ તે અરજી નામંજૂર કરતો જે હુકમ કરેલ છે તે હુકમ રદ કરી અરજદારને સસદરહુ મુદ્દામાલ સોંપવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૬) સામાવાળા–સરકારશ્રી તરફે વિ.પી.પી.શ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, નામ. ટ્રાયલ કોર્ટે ટેકનીકલી કોઈ કુદરતી ન્યાયના સિદ્ધાંતનો ભંગ થાય તેવી રીતે હુકમ કરેલ નથી. ટ્રાયલ કોર્ટનો હુકમ વંચાણે લેવામાં આવે તો યોગ્ય અને વ્યાજબી હુકમ કરેલ છે. નામદાર ટ્રાયલ કોર્ટે રેકર્ડ ઉપર ઉપલબ્ધ પુરાવાઓનું યોગ્ય મૂલ્યાંકન કરી કાયદાનુસાર હુકમ કરેલ છે અને તે હુકમમાં આ રીવીઝનલ કોર્ટ દ્વારા હસ્તક્ષેપ કરવાની કોઈ જરૂરિયાત જણાઈ આવતી નથી. વધુમાં દલીલ કરેલ છે કે, હાલના અરજદાર દ્વારા કબજે કરાયેલ મુદ્દામાલ પોતાની માલિકીનો હોવાનું દર્શાવવા કોઈ વિશ્વસનીય દસ્તાવેજી પુરાવો, ખરીદીના બિલો કે અન્ય સ્વતંત્ર આધાર પુરાવા રજૂ કરવામાં આવેલ નથી. વધુમાં મુદ્દામાલ બાબતે અગાઉ વિવાદ તથા દાવાઓ રહેલા હોવાનું રેકર્ડ પરથી જણાય છે અને અરજદારે સંબંધિત વ્યક્તિઓને પક્ષકાર તરીકે પણ જોડેલ નથી. તેથી ટ્રાયલ કોર્ટે અરજદાર મુદ્દામાલની માલિકી પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોવાનું ઠરાવી અરજી નામંજૂર કરેલ છે, જેમાં કોઈ ગેરકાયદેસરતા, અનિયમિતતા કે હસ્તક્ષેપ કરવા જેવી ત્રુટી જણાતી નથી. આથી હાલની રીવીઝન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૭) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૯૭ મુજબ અત્રેની અદાલતને જે સત્તા છે તે મુનસફીની સત્તા છે. આ સત્તાનો ઉપયોગ અદાલતે એપેલેટ કોર્ટ જે રીતે અપીલના કામે પુરાવાઓનું મુલ્યાંકન કરવા માટે કરી શકે તે રીતે વાપરી શકે નહિ. રીવીઝન અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતે માત્ર એટલી જ હકીકતો જોવાની રહે કે વિધ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ મુલ્યાંકન તે યોગ્ય છે કે કેમ? જો વિધ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ મુલ્યાંકન વિપરીત પ્રકારનું હોય તો જ તેમાં હસ્તક્ષેપ થઇ શકે.

(૮) રીવીઝન અરજી, ઉભય પક્ષે કરેલ મૌખિક દલીલો, રેકર્ડ પર ઉપલબ્ધ સમગ્ર સામગ્રી તથા પડકારાયેલ હુકમનું અવલોકન કરતાં સૌપ્રથમ વિચારવાનો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે હાલની રીવીઝન અરજી કાયદેસર રીતે સુનાવણીને પાત્ર છે કે કેમ? કારણ કે કોઈપણ અરજીના ગુણદોષ અંગે વિચારણા કરતાં પૂર્વે તે અરજીની મેઈન્ટેનેબિલિટી અંગે નિર્ણય કરવો

આવશ્યક બને છે. હાલના કેસમાં રેકર્ડ પરથી એ હકીકત નિર્વિવાદ રીતે બહાર આવે છે કે અરજદાર મુળ ફોજદારી કેસ નં.૪૧૪૬/૧૯૯૩ ના ફરિયાદી છે. સદર ફોજદારી કેસનો આખરી ચુકાદો તા.૦૬/૦૨/૨૦૨૦ ના રોજ જાહેર કરવામાં આવેલ છે, જેમાં આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે તથા મુદ્દામાલ બાબતે માલિકીની ખરાઈ કરી માલિકને પરત સોંપવા તથા જ્યાં માલિકી અંગે વિવાદ અથવા શંકા હોય ત્યાં તે અંગે ઈન્કવાયરી કરવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ અરજદારે વર્ષ–૨૦૨૫માં ફોજદારી ઈન્કવાયરી નં.૪૨/૨૦૨૫ દાખલ કરી મુદ્દામાલ પરત મેળવવાની અરજી કરેલ છે, જે અરજીનો નિકાલ ટ્રાયલ કોર્ટે તા.૨૪/૦૬/૨૦૨૫ ના રોજ કરેલ છે. આ ઉપરોક્ત હકીકતો પરથી સ્પષ્ટ થાય છે કે હાલની અરજી કેસ પેન્ડિંગ હોય તે સમયગાળા દરમ્યાનના હુકમ સામે કરવામાં આવેલ અરજી નથી. મુળ ફોજદારી કેસનો આખરી હુકમ થયા બાદ મુદ્દામાલના નિકાલ અંગે કરવામાં આવેલ અરજીનો નિર્ણય પડકારવામાં આવેલ છે. તેથી પડકારાયેલ હુકમનું સ્વરૂપ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૫૧ હેઠળ પસાર થયેલ વચગાળાના હુકમનું નહીં પરંતુ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૫૨ હેઠળ મુદ્દામાલના આખરી નિકાલને લગતા હુકમનું છે. ક્રીમીનલ પ્રોસીજર કોડમાં કલમ–૪૫૨ હેઠળ થયેલ હુકમ સામે કલમ–૪૫૪ મુજબ અપીલનો કાયદેસર ઉપાય ઉપલબ્ધ કરવામાં આવેલ છે. તે સંજોગોમાં જ્યારે કાયદા દ્વારા કોઈ ચોક્કસ હુકમ સામે અપીલનો અસરકારક ઉપાય ઉપલબ્ધ કરવામાં આવેલ હોય ત્યારે તેવા હુકમ સામે રીવીઝનલ અધિકારક્ષેત્રનો ઉપયોગ કરી શકાય નહીં. હાલના કેસમાં અરજદારે ટ્રાયલ કોર્ટ દ્વારા કલમ–૪૫૨ હેઠળ કરવામાં આવેલ હુકમને પડકારવા માટે રીવીઝન અરજી દાખલ કરેલ છે. પરંતુ કાયદાની જોગવાઈ મુજબ આવા હુકમ સામે યોગ્ય ઉપાય અપીલનો ઉપલબ્ધ હોવાથી હાલની રીવીઝન અરજી કાયદેસર રીતે ચાલવાપાત્ર રહેતી નથી. આ અંગે **નામ. ગુજરાત હાઈકોર્ટના રતીલાલ અમરશી ચાવડા વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓના ચુકાદા (1993) 1 GLR 731** માં ઠરાવેલ છે કે, –

> **10.** However, it may be stated that the attention of the learned Additional Sessions Judge, Morvi was not drawn to the fact that the revision application was not maintainable against the order passed in respect of muddamal articles

under Section 452 of the Code. There is no dispute about the fact that any order passed under Section 452 of the Code is not revisable but it is appealable under Section 454 of the Code. It is also not disputed that the learned trial Magistrate passed the order for the disposal of the muddamal article at the conclusion of the trial while acquitting the accused. Thus, in so far as the order for disposal of 3 tons of pig iron - muddamal article - was concerned, it was passed under Section 452 of the Code for disposal at the conclusion of the trial. Section 452 of the Code prescribes provision authorising the Criminal Courts to pass order with regard to the disposal of the muddamal at the conclusion of the trial. Section 454 of the Code provides for a provision whereby right to appeal against the orders passed under Section 452 of the Code is given. Section 454 of the Code reads as under: 454. (1) Any person aggrieved by an order made by a Court under Section 452 or Section 453, may appeal against it to the Court to which appeals ordinarily lie from convictions by the former Court.

આ ઉપરોક્ત ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્પષ્ટ જણાવેલ છે કે, કોઈપણ ફોજદારી કેસમાં આખરી હુકમ થયા પછી જો કોર્ટ મુદ્દામાલના નિકાલ અંગે હુકમ કરે, તો તે હુકમ સામે રીવીઝન અરજી કરી શકાતી નથી. તેના બદલે તે હુકમ સામે કલમ-૪૫૪ મુજબ અપીલ જ કરવાની હોય. હાલના કેસમાં પણ જે હુકમને પડકારવામાં આવેલ છે તે મુળ કેસનો ચુકાદો આવ્યા પછી મુદ્દામાલના નિકાલ માટે કરવામાં આવેલો છે. તે સંજોગોમાં હાલની અરજીના ગુણદોષ, ટ્રાયલ કોર્ટ દ્વારા કરાયેલ તારણો અથવા અરજદારના અન્ય મુદ્દાઓ અંગે કોઈ ચર્ચા કરવાની આ તબક્કે જરૂરિયાત રહેતી નથી અને આથી ઉપરોક્ત કરેલ ચર્ચા તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત મુજબ હાલની રીવીઝન અરજી કાયદેસર રીતે ચલાવી શકાય તેવી ન હોવાથી માત્ર મેઈન્ટેનેબિલિટીના મુદ્દા ઉપર જ હાલની આ અરજી કાયદેસર રીતે ચાલવા પાત્ર ન હોય તે સંજોગોમાં **મુદ્દા નં.૧ નો જવાબ "નકારમાં"** ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર-૨ ની ચર્ચા</u>**

મુદ્દા નં.૧ માં કરવામાં આવેલ ચર્ચા તેમજ તારણોને ધ્યાને લેતા તેમજ ઉપરોક્ત કરેલ વિગતવારની ચર્ચા મુજબ હાલની રીવીઝન અરજી

કાયદેસર રીતે ચલાવી શકાય તેમ ન હોવાનું આ કોર્ટ ઠરાવેલ છે. તે સંજોગોમાં અરજદાર દ્વારા પડકારવામાં આવેલ હુકમના ગુણ–દોષ અથવા હસ્તક્ષેપને લગતા મુદ્દાઓ ઉપર વિચારણા કરવાની આવશ્યકતા રહેતી નથી. તેથી મુદ્દા નં.૨ અંગે કોઈ ચર્ચા કરવામાં આવતી નથી અને હાલની રીવીઝન અરજીનો **મુદ્દા નં.૨ "નકારમાં"** ઠરાવી **મુદ્દા નં. ૩** અન્વયે આખરી હુકમ નીચે મુજબ જાહેર કરુ છું.

**:: હુ ક મ ::**

અરજદાર/મુળ ફરિયાદી તરફેની હાલની રીવીઝન અરજી આથી કાયદેસર રીતે ચાલવાપાત્ર ન હોવાનું ઠરાવી તે મુજબ અરજી ફેસલ કરવામાં આવે છે.

અરજદાર કાયદા મુજબ ઉપલબ્ધ અન્ય યોગ્ય ઉપાય અપનાવવા સ્વતંત્ર રહેશે.

આ હુકમની એક નકલ સાથે કેસનું અસલ રેકર્ડ વિ. ટ્રાયલ કોર્ટને જાણ તથા અમલ થવા સારૂ મોકલી આપવું.

હુકમ, આજ તારીખ **૧૫મી**, માંહે–**જુલાઈ**, સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.

**તા. ૧૫/૦૭/૨૦૨૬.**

**(ઈકરામખાન બશીરખાન પઠાણ)**
**ત્રીજા** અધિક સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ00614)